# પાંચ સાથીઓની હત્યા બાદ જવાનની આત્મહત્યા

શ્રીનગર, તા. ૨૭

જમ્મુ કાશ્મીરના ગંદરબાલ નજીક માનસબલ વિસ્તારમાં સેનાના એક કેમ્પમાં રાષ્ટ્રીય રાઈફલના જવાને અંધાધુંધ ગોળીબાર કરીને પોતાના નજીકના પાંચ સાથીઓની ઘાતકી હત્યા કરી દેતા સનસનાટી મચી ગઈ છે. આ બનાવથી કેન્દ્ર સરકાર પણ હચમચી ઉઠી છે. સેનામાં પણ વ્યાપક ચિંતાનુ મોજુ ફરી વવ્યું છે. પાંચ સાથી જવાનોની હત્યા કર્યા બાદ આ જવાને પણ આત્મહત્યા કરી લીધી હતી. સેનાના જવાને સાથી મિત્રો ઉંઘી રહ્યા હતા ત્યારે પોઈન્ટ બ્લેન્ક રેંજથી ઠાર માર્યા હતા. આજે વહેલી પરોઢે આ બનાવ બન્યો હતો. સેનાના પ્રવક્તાએ વિગત આપતા કહ્યું હતું કે, સફાપોરા ખાતે ૧૩ રાષ્ટ્રીય રાયફલના આર્મી કેમ્પની અંદર આ બનાવ બન્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ કેમ્પ ખાતે સેનેટ્રી ફરજ ઉપર રહેલા જવાને વહેલી પરોઢે બે વાગ્યાની આસપાસ બેરેક પૈકીના એકમાં ઘુસી જઈને ઉંઘી રહેલા સાથી મિત્રો ઉપર ગોળીબાર કરી દીધો હતો. આમાં પાંચના મોત થઈ ગયા હતા અને અન્ય એકને ઈજા થઈ હતી. આ કમકમાટીભર્યો



બનાવ આજે વહેલી પરોઢે બન્યો હતો. એમ માનવામાં આવે છે કે આ જવાનની પોતાના સાથીઓની સાથે કેટલાક મામલે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આ જવાને આ ખતરનાક પગલુ લીધુ હતુ. સેનાએ આ બનાવમાં કોર્ટ ઓફ ઈન્કવાયરીનો આદેશ આપી દીધો છે. આ બનાવને લઈને સેનાના જવાનોમાં પણ દહેશત ફેલાઈ ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય ચે કે પુછમાં મંગળવારન દિવસે એક જવાને પોતાને ગોળી મારી લઈને આત્મહત્યા કરી હતી.

## ભારતીય સેનાના જવાનોમાં ભારે હતાશા

શ્રીનગર, તા. ૨૭

જમ્મુ કાશ્મીરમાં સેનાના જવાને પોતાના જ સાથીઓની આત્મહત્યા કર્યા બાદ સેનામાં હાલમાં પ્રવર્તી રહેલી નિરાશા ફરી એકવાર સપાટી પર આવી છે. નજીવી બાબતો પર સેનાના જવાનોમાં હાલમાં બોલાચાલી થતી રહે છે. સાથે સાથે નિરાશાના કારણે કેટલાક જવાનો આત્મહત્યા પણ કરી રહ્યા છે. સેનાના જવાનોમાં કેટલીક તકલીફને દુર કરવા માટે સરકાર અને અન્ય સંસ્થાઓ દ્વારા વિવિધ પગલા લેવામાં આવ્યા છે. છતાં આ દોર જારી રહ્યો છે. ગંદરબાલમાં બનેલી ઘટનાથી ફરી એકવાર આ મુદ્દો સપાટી પર આવી ગયો છે. મંગળવારના દિવસે પુછમાં એક જવાને આત્મહત્યા કરી હતી. સેનામાં આત્મહત્યાના કેસો તાજેતરમાં વધ્યા છે. આના માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. પરિવારથી દુર રહેવાના કારણે નિરાશા પણ આના માટેના કારણો પૈકી એક કારણ છે.

# આઈએનએસ સિંધૂદુર્ગ બનાવમાં બેના મોત

**કમ્પાર્ટમેન્ટની અંદર અધિકારીઓ ફસાયા હતા : અન્ય એક અધિકારીના રાજીનામાની ચર્ચા**

નવી દિલ્હી,તા.૨૭

આઈએનએસ સિંધૂરત્ન દુર્ઘટના બાદ લાપત્તા થયેલા નૌકા સેનાના બે અધિકારીઓને મૃત જાહેર કરવામાં આવ્યા છે. બુધવાર બાદથી આ બે અધિકારીઓ પણ લાપત્તા થયેલા હતા. આજે તેમને મૃત જાહેર કરાયા હતા. લેફટી. કમાન્ડર કપિસ મુઆલ અને લેફટી. મનોરંજન કુમારને આજે મૃત જાહેર કરવામાં આવ્યા હતા. બંને નૌકા સેનાના અધિકારીઓ આઈએનએસ સિંધૂરત્ન સબમરીના કમ્પાર્ટમેન્ટ પૈકી એકમાં ફસાઈ ગયા હતા. જો કે, નૌકા સેનાએ સબમરીનામાં કોઈપણ બ્લાસ્ટ થયા હોવાના અહેવાલને રદિયો આપ્યો છે. અગાઉ આજે આઈએનએસ સિંધૂરત્નને મુંબઈ ડોક ઉપર લાવવામાં આવ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ કહ્યું છે કે, તેઓ વડાપ્રધાન મનમોહનસિંઘને મળી ચુક્યા છે અને હતાશ થયેલા એડમિરલ બીકે જોશીના રાજીનામાને સ્વીકારતા પહેલા તમામ પાસાઓ ઉપર વાતચીત કરી ચુક્યા છે. બીજી બાજુ જોશીના રાજીનામાને સ્વીકારવા બદલ નૌકા સેનાના અધિકારીઓ તરફથી એન્ટોની ટિકા ટિપ્પણીનો સામનો કરી રહ્યા છે. વડાપ્રધાન સાથે પણવાતચીત થઈ છે. જોશીને ખુબ જ આદર્શ એડમિરલ તરીકે ગણાવીને સંરક્ષણ મંત્રીએ કહ્યું છે કે, જોશી સમગ્ર ઘટનાક્રમથી ખુબ જ નાખુશ હતા. બીજી બાજુ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ અને વડાપ્રધાન મનમોહનસિંઘને પણ માહિતી આપવામાં આવી છે. અહેવાલ સોંપવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ ત્રણેય સેનાઓના સર્વોચ્ચ વડા છે. વડાપ્રધાનને નવી બાબતોથી વાકેફ કરવામાં આવ્યા છે. સિંધૂરત્ન સબમરીનમાં મુબઈ દરિયાકાંઠેથી આશરે ૮૯૦ કિમીના અંતરે બુધવારે આગ ફાટી નિકળી હતી જેમાં સાત નૌસૈનિકો ઘાયલ થયા હતા. જ્યારે અન્ય બે લાપત્તા થયા હતા. સિંધૂરત્નને આજે સવારે મુંબઈ દરિયાકાંઠે લાવવામાં આવ્યા બાદ વધુ તપાસ હાથ ધરાઈ હતી. બીજી બાજુ નૌસેનામાં પણ સંકટની સ્થિતિ ઉભી થઈ છે. સબમરીન દુર્ઘટનાથી પરેશાન નૌકા સેનામાં સંકટ વધી રહ્યું છે. જોશીના રાજીનામા બાદ અન્ય એક અધિકારીના રાજીનામાની ચર્ચા છે. નેવીના વડા બાદ વેસ્ટર્ન નેવી કમાન્ડર વાઈસ એડમિરલ શેખર સિંહા પણ બનાવની જવાબદારી સ્વીકારી રાજીનામુ આપી શકે છે. દરમિયાન જોશીની જગ્યાએ વાઈસ એડમિરલ રોબિન ધવનને નૌ સેના વડાનો વધારાનો હવાલો સોંપાવામાં આવ્યો છે. રોબિન ૩૧મી માર્ચના દિવસે નિવૃત્ત થનાર છે.



# માઓવાદીગ્રસ્ત વિસ્તારોમાં સૌથી પહેલા ચૂંટણીની માંગ

નવી દિલ્હી,તા. ૨૭

કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ચૂંટણી પંચને પત્ર લખીને માઓવાદીગ્રસ્ત સૌથી અતિસંવેદનશીલ જિલ્લાઓમાં આગામી લોકસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કાની ચૂંટણી યોજવાની માંગ કરાઈ છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા માંગ કરવામાં આવ્યા બાદ તેની માંગને સ્વીકારીને ચૂંટણી પંચ પ્રથમ તબક્કાની ચૂટણીમાં જ માઓવાદીગ્રસ્ત જિલ્લાઓને આવરી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. એક અગ્રણી અગ્રેજી અખબાર માહિતી આપતા કહ્યુ છે કે માઓવાદી વિરોધી ઓપરેશનના પરિણામો હજુ સુધી ઈચ્છિત મળ્યા નથી. છેલ્લા ચાર મહિનાના ગાળામાં માઓવાદીઓ અનેક વખત હુમલા કરી ચુકયા છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના અધિકારીએ કહ્યું છે કે અતિ સંવેદનશીલ જિલ્લામા સુરક્ષા જવાનોની તૈનાતી ખુબ જટિલ મામલો છે. તૈનાતીમાં કેન્દ્રિય અર્ધલશ્કરી દળના જવાનોને પણ તેનાત કરવામાં આવનાર છે. ઉપરાંત રાજ્ય પોલીસ ફોર્સના જવાનો પણ તૈનાત કરવામાં આવનાર છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ત્રણ ગ્રુપમાં માઓવાદીગ્રસ્ત જિલ્લાઓને બનાવી લેવામાં આવ્યા છે. જેમાં એ ગ્રુપમાં સૌથી સંવેદનશીલ, બી ગ્રપુમાં ઓછા સંવેદનશીલ અને સીમાં બિલકુલ ઓછા સંવેદનશીલનો સમાવેશ થાય છે. નોંધમાં જણાવવામાં આવ્યું છે કે માઓવાદી વિરોધી ઓપરેશનને એ જિલ્લામાં વધારે તીવ્ર બનાવવામાં આવશે.

કેન્દ્રિય ગૃહ મંત્રાલયનુ કહેવુ છે કે સફળતા હાંસલ કરવા માટે રાજ્ય સરકારોએ બોમ્બ શોધનાર અને અન્ય જરૂરી માહિતી આપનારને ઈનામની વ્યવસ્થા કરવી જોઈએ. આના માટે જાહેરાત પણ કરવી જોઈએ. ચૂંટણી પંચે સુરક્ષા દળના કેમ્પ નજીક મોટી સંખ્યામાં મતદાનમથક સ્થાપિત કરવાની અપીલ કરી છે. લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની ટુંકમાં જાહેરાત કરવામાં આવનાર છે ત્યારે આ બાબત ખુબ ઉપયોગી છે. પંચ હવે કોઈ પણ સમય ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી શકે છે.

## તુગલક રોડ બંગલામાં રહેવા લાલૂ યાદવને અંતે લીલીઝંડી

નવી દિલ્હી,તા.૨૭

લોકસભાની ચૂંટણી પહેલા સરકારે વધુ એક વર્ષ માટે તેમના તુગલક રોડ બંગલામાં રહેવા આરજેડીના નેતા લાલૂ પ્રસાદ યાદવને મંજુરી આપી દીધી છે. આનો મતલબ એ થયો કે લાલૂ તુગલક રોડ આવાસ ઉપર એક વર્ષ સુધી રહી શકશે.

વર્ષ ૨૦૦૪થી આ બંગલામાં રહેતા લાલૂ પ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ અને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા બાદ ત્રણ મહિના પહેલા બંગલાને ખાલી કરી દેવા નોટિસ ફટકારવામાં આવી હતી. આવાસ અંગેની કેબિનેટ સમિતિએ આ બંગલામાં વધુ એક વર્ષ સુધી રહેવા લાલૂ યાદવને મંજુરી આપી દીધી છે. લાલૂ યાદવ દ્વારા આ અંગેની વિનંતી કરવામાં આવી હતી. શહેરી વિકાસ મંત્રાલયના એક અધિકારી દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. બંગલો ખાલી કરી દેવા માટેની નોટિસ મળ્યા બાદ લાલૂ યાદવે શહેરી વિકાસ પ્રધાન કમલનાથને પત્ર લખીને આ બંગલામાં તેમના રોકાણને લંબાવવા માટે વિનંતી કરી હતી. તેના પત્ની રાબડી દેવી અસ્વસ્થ હોવાનું કારણ આપવામાં આવ્યું હતું. રાબડી દેવીને સારવાર માટે વારંવાર એમ્સમાં જવું પડે છે. લોકસભાની બેઠક ગુમાવી દીધા ઉપરાંત આરજેડી હવે રાષ્ટ્રીય પાર્ટી તરીકે રહી નથી. એક રાષ્ટ્રીય પાર્ટીના પ્રમુખ જ રાષ્ટ્રીય પાટનગરમાં યોગ્ય આવાસ મેળવવા બંધાયેલા છે. કોંગ્રેસ પાર્ટી આગામી લોકસભાની ચૂંટણીમાં આરજેડી સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડનાર છે. અગાઉ બસપ વડા માયાવતીને પણ આ પ્રકારની મંજુરી મળી હતી. બસપ દ્વારા યુપીએ સરકારને બહારથી મહત્વપૂર્ણ ટેકો આપવામાં આવેલો છે. સીસીએ દ્વારા ભૂતપૂર્વ ગૃહપ્રધાન બૂટાસિંહ માટે માર્કેટ રેન્ટને માફી આપી છે.

# રાજીવ ગાંધી હત્યા કેસના અપરાધીઓની મુક્તિ ઉપર સ્ટે

નવી દિલ્હી,તા.૨૭

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે સમગ્ર દેશમાં ભારે ચકચાર જગાવનાર રાજીવ ગાંધી હત્યા કેસમાં ચાર અપરાધીને છોડી મુકવા પર સ્ટે મુક્યો હતો. સાથે સાથે તેમને છોડી મુકવાની તમિળનાડુ સરકારની દરખાસ્તને પડકાર ફેંકીને કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી અરજી પર યથા સ્થિતી જાળવી રાખવાનો આદેશ કર્યો હતો. જસ્ટીસ પી. સથાશિવમના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે આદેશ કર્યો હતો કે કેન્દ્ર સરકારની અરજી પર છઠ્ઠી માર્ચના દિવસ સુનાવણી હાથ ધરાશે. કોર્ટે રાજ્ય સરકાર અને ચાર કેદીઓને પણ નોટીસ ફટકારી હતી. તેમની મુક્તિ સામે કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ નોટીસ ફટકારવામાં આવી હતી. કેન્દ્ર સરકારે કેસમાં આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા ચાર અપરાધીને મુક્ત કરવાના તમિળનાડુ સરકારના નિર્ણયને અમલી બનાવવાથી રોકવા સુપ્રીમ કોર્ટમાં સોમવારે અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ત્રણ અપરાધી સંથન, મુરુગન અને આરીવુને છોડી મુકવા પર સ્ટે મુકવાની ૨૦મી ફેબ્રુઆરીના દિવસે જાહેરાત કરી હતી. આ તમામ ત્રણેયની મૃત્યુદંડની સજાને આ કેસમાં ૧૮મી ફેબ્રુઆરીના દિવસે સુપ્રીમ કોર્ટે આજીવન કારાવાસમાં ફેરવી દીધી હતી. રાજીવ ગાંધી હત્યા કેસમાં અપરાધી જાહેર થયેલા ત્રણ શખસોની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાખવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયના એક દિવસ બાદ તમિલનાડુ કેબીનેટે ૧૯મી ફેબ્રુઆરીના દિવસે એક અસામાન્ય નિર્ણય કરીને તેમને જેલમાંથી છોડી મૂકવાનો નિર્ણય કર્યો હતો. કેન્દ્ર સાથે વાતચીત કર્યા બાદ અન્ય અપરાધીઓને છોડી મૂકવાનો પણ નિર્ણય લીધો હતો. કેબીનેટે અન્ય ચાર અપરાધી નલીની, રોબર્ટ પ્યાસ, જયકુમાર અને રવિચંદ્રનની સાથે સંથન, મુરુગન અને પેરારિવલનને છોડી મૂકવાનો નિર્ણય કર્યો હતો.

રાજ્ય વિધાનસભામાં મુખ્યમંત્રી જયલલિતાએ આજે આ મુજબની માહિતી આપી હતી. ચીફ જસ્ટીસ સથાશિવમના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેન્ચે દયાની અરજી અંગે નિર્ણય લેવામાં ૧૧ વર્ષનો વિલંબ થવાના આધાર ઉપર રાજીવ ગાંધી હત્યા કેસના ત્રણ અપરાધી સંથન, મુરુગન અને પેરારિવલનની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખી હતી. રાજ્ય સરકારને તેમના સારા આંચરણની બાબતને ધ્યાનમાં લઈને જેલમાં ૧૪ વર્ષ પરિપૂર્ણ કરી ચૂકેલા અપરાધીઓને છોડી મૂકવાનો અધિકાર રહેલો છે. તમિલનાડુ સરકારે રાજીવ ગાંધી હત્યા કેસમાં તમામ સાતે અપરાધીઓને છોડી મૂકવાનો નિર્ણય કરતા આની ભારે ચર્ચા રહી હતી.સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાને જયલલિતા માટે ફટકાસમાન ગણવામાં આવે છે. તમિળનાડુ સરકારને નોટીસ ફટકારીને તેની પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે. રાજીવ ગાંધી કેસના હત્યારાઓના મામલે તમિળનાડુ સરકાર અને કેન્દ્રની યુપીએ સરકાર વચ્ચે હાલમાં જોરદાર ખેંચતાણ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. બન્ને વચ્ચે મામલો હવે કોર્ટમાં પહોંચી ગયો છે. હવે છઠ્ઠી માર્ચના દિવસે થનારી સુનાવણી પર તમામની નજર કેન્દ્રિત રહેશે.

**મોબાઇલ મળી આવ્યા બાદ નિર્ણય**

## અંતે તરૂણ તેજપાલની સુવિધામાં કાપ મુકાયો

પણજી,તા.૨૭

તહેલકાના સ્થાપક તંત્રી તરુણ તેજપાલને આપવામાં આવેલી સુવિધાઓમાં કાપ મુકવામાં આવ્યો છે. સાદાસબ જેલમાં રહેલા તરુણ તેજપાલની સુવિધામાં ઘટાડો કરાતા આની સામે અરજી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. તેમની પાસેથી મોબાઈલ ફોન મળી આવ્યા બાદ તેજપાલની સુવિધામાં ઘટાડો કરવામાં આવ્યો છે. પરિવારના સભ્યોને મળવાની મંજુરી પણ હવે આપવામાં આવશે નહીં. પણજીથી ૪૦ કિલોમીટરના અંતરે સ્થિત સાદા સબ જેલના અધિકારીઓએ પરિવારના સભ્યોને મળવાની તરુણ તેજપાલની મંજુરી રદ કરી દીધી છે. ટેલિફોનનો ઉપયોગ પણ કરી શકશે નહીં. સબ જેલમાં રહેલા તમામ કેદીઓને આ પ્રકારની સુવિધા આપવામાં આવે છે. તરુણ તેજપાલ પર સાથી ઉપર બળાત્કાર ગુજારવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ૫૦ વર્ષીય તેજપાલ ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ગોવામાં એક કાર્યક્રમ દરમિયાન જુનિયર સાથી ઉપર બળાત્કાર બદલ સજાનો સામનો કરી રહ્યા છે.

## સમાચાર ઝલક

- જામનગર નજીક આઇ.ઓ.સી.ની ગેસની પાઇપલાઇનમાં વિસ્ફોટ થતાં ૩ કામદારોને ગંભીર ઇજા.
- દેશભરમાં મંદિરો 'ૐ નમઃશિવાય'થી ગુંજી ઉઠ્યા, ભક્તોની ભારે ભીડ.
- ખાતરના સ્ટોક બાબત અંગે ખેતીવાડી ખાતાના બે ઉચ્ચ અધિકારીઓ લાંચના છટકામાં સપડાયા.
- સિરીયામાં ૧૭૫ વિદ્રોહીઓનાં મોત.
- મહેસાણા જિલ્લાના કસલપુરના ૭ કુટુંબો હિજરત કરી ગયા.
- મધ્યપ્રદેશના લોકાયુક્તે અધિકારીના ત્યાં દરોડો પાડતાં કરોડોની મિલકત ઝડપાઇ.
- સો કરોડની કલબમાં ગુંડે ફિલ્મનો સમાવેશ.
- અમદાવાદમાં ૮ માસના બાળકનું અપહરણ કરનારી મહિલા કારંજ પોલીસે ઝડપી લીધી.
- ફિલ્મ અભિનેતા શત્રુધ્ન સિંહા સમગ્ર કુટુંબ સાથે એડ ફિલ્મમાં ચમકશે.
- ભારત અને બાંગ્લાદેશની ક્રિકેટ ટીમના બંને કપ્તાઓને સદી ફટકારી વિક્રમ સ્થાપ્યો.
- જામનગર નજીક શનિદેવ મંદિર પાસે ગૌમાંસ ફેકતાં મામલો તંગ બન્યો.
- પ્રખર ધારાશાસ્ત્રી ફલી નરીમન લોકપાલ કમિટીમાં જોડાવાનો ઇન્કાર કર્યો.
- અટલ બિહારી વાજપેયીની ભત્રીજી કરૂણા શુક્લા કોંગ્રેસમાં જોડાઇ.
- નાગપુર ટોલટેક્સ નાકા પર આવકવેરાના દરોડા.
- અમેરિકામાં ફરીથી બરફવર્ષાનો ભય.





હર હર મહાદેવના નાદ સાથે દેશમાં ઠેર ઠેર મહા શિવરાત્રીની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. પટિયાલા ખાતે શિવરાત્રી નિમિત્તે શોભાયાત્રા કાઢવામાં આવી હતી જયારે અલ્હાબાદ ખાતે શવરાત્રી નિમિત્તે શિવલીંગ પર ધાર્મિક આસ્થા અનુસાર દૂધ ચઢાવી પુરી શ્રધ્ધાથી શિવ ભકતોએ શિવરાત્રીની ઉજવણી કરી હતી.

## પાસવાન સાથે ભાજપ નેતાઓની ચર્ચા

નવી દિલ્હી,તા.૨૭

લોકજનશક્તિ પાર્ટી અને ભાજપ વચ્ચે ગઠબંધન અંગેની મંત્રણા આજે વધુ તીવ્ર બની હતી. બંને પક્ષો વચ્ચે જોડાણ કરવાને લઈને વાતચીત આગળ વધી રહી છે. બંને પક્ષોના ટોચના નેતાઓ આજે મળ્યા હતા. એલજેપીના રાષ્ટ્રીય પ્રમુખ રામવિલાસ પાસવાનના આવાસ ઉપર આ બેઠક યોજાઈ હતી. રાજીવ પ્રતાપ રુડી, રવિશંકર પ્રસાદ અને શાહનવાઝ હુસૈન સહિત ભાજપના નેતાઓ તેમના નિવાસસ્થાને એલજેપી વડા રામવિલાસ પાસવાનને મળ્યા હતા. એલજેપીના વડા સાથે વાતચીતને વધારે મહત્વ નહીં આપીને રવિશંકર પ્રસાદે કહ્યુંહતુંકે, અમે વાતચીત કરવા આવ્યા હતા. સાથે મળીને ચા પીધી છે. રામવિલાસ પાસવાન બિહારમાંથી વરિષ્ઠ નેતા છે. અમે વાજપેયી સરકાર હેઠળ તેમની સાથે કામ કરી ચુક્યા છે. રાજ્ય ભાજપના નેતાઓ સાથે વાતચીત કર્યાબાદ એલજેપી વડા રામવિલાસ પાસવાન ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરે તેવી શક્યતા છે. મોદી સાથે વાતચીત કરતા પહેલા એલજેપી વડા ભાજપ પ્રમુખ રાજનાથસિંહને પણ મળનાર છે. સૂત્રોના જણાવ્યા મુજબ એલજેપી વડાએ ૧૦ બેઠકોની માંગ કરી છે. હવે આઠ બેઠકો ઉપર રાજી થવા તૈયાર છે. પાસવાને નિર્ણય લેવો જોઈએ. એલજેપીના નેતા અને પાસવાનના પુત્ર ચિરાગ પાસવાને કહ્યું છે કે, લાલૂ પ્રસાદના આરજેડી સાથે સંબંધોમાં તિરાડ પડી છે. કોંગ્રેસ સાથે ગઠબંધનની વાતચીત આગળ વધી રહી નથી.

## ૫૦૦ રૂપિયાની નવી નોટ જારી થશે

રિઝર્વ બેંક ટૂંક સમયમાં જ મહાત્મા ગાંધી સિરીઝ ૨૦૦૫માં ૫૦૦ રૂપિયાની નવી નોટ જારી કરશે. રૂપિયાના પ્રતિક નિશાનની સાથે આ નોટ જારી કરવામાં આવશે. ટૂંકમાં જ આગળ અને પાછળની બાજુએ રૂપિયાના નિશાનની સાથે આ નોટ જારી કરવામાં આવશે જેમાં બંને નંબર પેનલ ઉપર ઈન્સેટમમાં આર લખેલું રહેશે. આ નવી નોટ ઉપર રિઝર્વ બેંકના નવા ગવર્નર રઘુરામ રાજનના હસ્તાંક્ષર રહેશે.

**પક્ષના ધારાસભ્યો ચૂંટણી નહીં લડે**

## કેજરીવાલ ચૂંટણી લડશે કે કેમ તેને લઇ સસ્પેન્સ

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી છે કે, પક્ષના ધારાસભ્યોને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે નહીં જેથી એવી અટકળો પ્રબળ બની છે કે, અરવિંદ કેજરીવાલ પણ ચૂંટણી મેદાનમાં ઉતરશે નહીં. પક્ષના ધારાસભ્યોના નામ ઉપર સંસદીય ચૂંટણી માટે વિચારણા કરાશે નહીં તેવી વાત કેજરીવાલે કરીને નવી ચર્ચા જગાવી છે. કેજરીવાલે પોતાની ઉમેદવારીને લઈને સસ્પેન્શની સ્થિતિ બનેલી છે. ઉત્તર-પશ્ચિમ દિલ્હીમાંથી ધારાસભ્ય રાખી બિરલાની સંભવિત દાવેદારી અંગે પૂછવામાં આવતા પ્રશ્નના જવાબમાં કેજરીવાલે આ મુજબની માહિતી આપી હતી.